**Surat Municipal Corporation**

**e-Magazine**

Issue 6
June 17, 2005



## ગુજરાતમાં સૌ પ્રથમવાર યુસીડી વેચાણ કેન્દ્રની ખાતમુહૂર્તવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા "શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫"ની ઉજવણીના ભાગરૂપે ઉધના ઝોન વિસ્તારમાં ખટોદરા ખાતે શહેરી ગરીબોને ધ્યાને લઈ તેઓના માટે માર્કેટીંગ માટેના પ્લેટફોર્મની ઈન્ફ્રાસ્ટ્રકચર સહાય પુરી પાડવા માટે યુ.સી.ડી. વેચાણ કેન્દ્રનું ખાતમુહુર્ત મેયર શ્રીમતી સ્નેહલતાબેન એફ. ચૌહાણ ધ્વારા કરવામાં આવ્યું .....

વધુ માટે કલીક કરો >>>>>>

## પરંપરાગત ખડિયા અને કલમનું પ્રદર્શન



સુરત મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝીયમનું ૫૦મા વર્ષમાં પ્રવેશ અને શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ ની ઉજવણી સંદર્ભે સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝીયમ, ચોકબજાર ખાતે દ્વિતિય પ્રદર્શન મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણના વરદ્હસ્તે પરંપરાગત ખડિયા અને કલમનું પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યું.....

વધુ માટે કલીક કરો >>>>>>



## સુમન શાળા નં.૮ અને ૯ નો શુભારંભ


સુરત મહાનગરપાલિકાએ નગરજનોને પ્રાથમિક સુવિધાની સાથે સાથે શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો સરાહનીય પ્રયત્ન કર્યો છે અને શિક્ષણક્ષેત્રે પણ અવલ્લ ક્રમ જાળવી રાખ્યો છે. શહેરની ખાનગી શાળાઓની જેમ શ્રેષ્ઠ શિક્ષણ સુવિધા તમામ શાળાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રદુષિત પાણીના નિકાલની વૈકલ્પિક વ્યવસ્થા અંગે મીટીંગનું આયોજન

આદિ કાળથી વસેલ સુરત શહેરનો એક માત્ર મુખ્ય જળસ્ત્રોત તાપી નદી છે. તેના પાણી મારફત સુરત શહેરને પીવાનું પાણી પુરુ પાડવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી જુદા જુદા કારણોસર નદીના પાણીની ગુણવત્તામાં ફેરફાર જોવા મળેલ છે. આ માટે નદીમાં વિવિધ જગ્યાઓએથી ઠલવાતા ગંદા પાણી જવાબદાર છે. આને રોકવા/વૈકલ્પિક વ્યવસ્થા કરવા સંબધિત ખાતાઓ / સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે સંકલન મીટીંગનું આયોજન કમિશનરશ્રી પંકજ જોષી ની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું....

વધુ માટે કલીક કરો >>>>>>



## અંગ્રેજોનું કબ્રસ્તાન

અંગ્રેજોનું કબ્રસ્તાન સુરતની ઉત્તરે શહેરના "આલમપનાહ" ની બહાર કતારગામ દરવાજા બહાર સત્તરમી સદીના મધ્યભાગથી અસ્તિત્વમાં આવ્યું હતું. આ કબ્રસ્તાનમાં સર જયોર્જ ઓકસેન્ડન, ક્રિસ્ટોફર ઓક સેન્ડન, હેનગેરી, જીરાલ્ડ ઓઈન્જીર, ઈલીઝાબેથ વીચ, વિલિયમ ફોર્બસ, મેરી એલીસ, ફ્રાન્સીસ જેમ્સ, જેમ્સ હોપ, ફ્રાન્સીસ બેટન, જયોર્જ વાઈટ, એડવર્ડ ગેલી, વિલિયમ વિલ્કિન્સન વિગેરે મહાનુભાવોની કબર હતી. જેમાંની ઘણી કબરો આજે પણ અસ્તિત્વમાં છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત રાજયમાં સૌ પ્રથમવાર યુસીડી વેચાણ કેન્દ્રની ખાતમુહૂર્તવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા "શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫"ની ઉજવણીના ભાગરૂપે ઉધના ઝોન વિસ્તારમાં ખટોદરા ખાતે શહેરી ગરીબોને ધ્યાને લઈ તેઓના માટે માર્કેટીંગ માટેના પ્લેટફોર્મની ઈન્ફ્રાસ્ટ્રકચર સહાય પુરી પાડવા માટે યુ. સી. ડી. વેચાણ કેન્દ્રનું ખાતમુહુર્ત તા.૧૪–૦૬–૨૦૦૫નાં રોજ મેયર શ્રીમતી સ્નેહલતાબેન એફ. ચૌહાણ ધ્વારા કરવામાં આવ્યું હતું.



સદર યુ. સી. ડી. વેચાણ કેન્દ્રમાં બી. પી. એલ. કુટુંબો (શહેરી ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોં)ની મહિલાઓ ધ્વારા ઉત્પાદિત થયેલ ચીજવસ્તુઓનું વેચાણ કરવાની કામગીરી કરવામાં આવશે. સમગ્ર ગુજરાત રાજય ખાતે સુરત મહાનગરપાલિકા પ્રથમ યુ. સી. ડી. વેચાણ કેન્દ્ર ટૂંક સમયમાં શરૂ કરશે.

સદરહુ યુ. સી. ડી. સેન્ટર ૧૮૩.૬૬ ચો. મી. એરીયામાં કુલ રૂા.૮.૫૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવશે. સદરહુ યુ. સી. ડી.સેન્ટર માં ભોંયતળીયે ઓફિસ, સ્ટોર રૂમની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

TOP

## પરંપરાગત ખડિયા અને કલમનું પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝીયમનું ૫૦મા વર્ષમાં પ્રવેશ અને શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ ની ઉજવણી સંદર્ભે સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝીયમ, ચોકબજાર ખાતે દ્વિતિય પ્રદર્શન મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણના વરદ્દહસ્તે પરંપરાગત ખડિયા અને કલમનું પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યું. પ્રદર્શનમાં વડોદરા સ્થિત શ્રી વાસુદેવભાઈ સોનીના વિવિધ પ્રકારના ૨૭૦ ખડિયાઓ જેવા કે, કુદરતી પદાર્થ શિંગડું, નાળિયેર, કોડી, શંખછીપ, માટી, પથ્થર, ધાતુઓમાં તાંબુ, પિત્તળ, જર્મન સિલ્વર, લોંખડ, ચાંદી તથા કટ ગ્લાસના, મોલ્ડ ગ્લાસના, કલર ગ્લાસના ખડિયાઓ તથા ખિસ્સા ખડિયા, મુસાફીર ખડિયા, લાઈટવાળા ખડિયા, પૈંડા પરના ખડિયા, મોટર, રેલ્વે એન્જીન, બાબા ગાડી, બ્લેક મેટલ તથા  જાપાન, જર્મની, ઈંગ્લેંડ વિગેરે વિદેશી બનાવટના પણ ખડિયાઓ પ્રર્દશિત કરવામાં આવેલ છે. જયો કુલ ૧૩૦ કલમો, પથ્થર, હાથીદાંત, રોઝવુડ, સીસમથી માંડી આજના જમાનાની આધુનિક ફાઉન્ટન પેન આ પ્રદર્શનમાં પ્રર્દશિત કરવામાં આવેલ છે. આ પ્રદર્શન તા.૧૪–૬–૨૦૦૫ થી તા. ૩–૭–૨૦૦૫ સુધી સોમવાર અને જાહેર તહેવારની રજાઓ સિવાયના દિવસોએ સવારે ૧૦–૪૫ થી સાંજે ૫–૪૫ સુધી જાહેર જનતા માટે ખુલ્લુ રાખવામાં આવશે.



TOP

## સુમન શાળા નં.૮ અને ૯ નો શુભારંભ

સુરત મહાનગરપાલિકાએ નગરજનોને પ્રાથમિક સુવિધાની સાથે સાથે શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો સરાહનીય પ્રયત્ન કર્યો છે અને શિક્ષણક્ષેત્રે પણ અવલ્લ ક્રમ જાળવી રાખ્યો છે. શહેરની ખાનગી શાળાઓની જેમ શ્રેષ્ઠ શિક્ષણ સુવિધા તમામ શાળાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અગાઉ શરૂ કરેલ ૭ સુમન માધ્યમિક શાળાઓ જેમાં ૫ ગુજરાતી માધ્યમની તથા ૨ મરાઠી માધ્યમની શાળાનો સમાવેશ થાય છે. આ શાળાઓના પરિણામો ખૂબ જ સારા રહયાં છે. હાલમાં કુલ–૫ જેટલી માધ્યમિક શાળાઓમાં ધોરણ–૮ થી ૧૦ નાં પૂરેપૂરા વર્ગો શરૂ થયેલ છે અને છેલ્લા ૩ વર્ષમાં નવી એસ.એસ.સી.નું પરિણામ પણ ખૂબ જ ઉચુ રહયું છે. વર્ષ–૨૦૦૨ નું ૭૩.૫૩%,૨૦૦૩ નું ૮૧.૬૬%, ૨૦૦૪ નું ૯૧.૮૮% અને ૨૦૦૫ નું ૮૦.૬૮ % સરેરાશ પરિણામ આવેલ છે. તે પૈકી સુમન હાઈસ્કૂલ નં.૨ (વરાછા) નું નવી એસ.એસ.સી. નું પરિણામ છેલ્લાં ૩ વર્ષથી સતત ૧૦૦% રહયું છે.



સુમન હાઈસ્કૂલોનો અભ્યાસ અને મળેલ સુવિધાઓ જોતાં શહેરનાં દરેક વિસ્તારમાં નવી સુમન હાઈસ્કૂલો શરૂ કરવા શહેરીજનો માંગણી કરે છે, મહાનગરપાલિકાનાં શાસકોએ ચાલુ વર્ષે નવી ગુજરાતી માધ્યમની શાળા શરૂ કરવાનો નિર્ણય કરેલ, જે પૈકી તા.૧૩–૦૬–૨૦૦૫નાં રોજ ન.પ્રા.શિ.સમિતિની શાળા નં.૯૪,૯૫,૯૬,૯૭, બોમ્બે કોલોની પાસે, કાપોદ્રા, નાનાવરાછા ખાતે સુમન હાઈસ્કૂલ નં.૯ તથા સવારે ૧૦–૦૦ કલાકે ન.પ્રા.શિ.સમિતિની શાળા નં.૨૪૬–૨૪૭, ઈશ્વરપુરા, ડીંડોલી ખાતેનાં મકાનમાં સુમન હાઈસ્કૂલ નં.૮ ગુજરાતી માધ્યમની ધોરણ–૮ નાં વર્ગવાળી શાળાનો મેયર શ્રીમતિ સ્નેહલતાબેન એફ.ચૌહાણનાં વરદ્ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગેમેયર શ્રીમતિ સ્નેહલતાબેન એફ.ચૌહાણએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, નગર પ્રાથમિક શાળામાંથી ધોરણ–૭ પાસ કરી સુમન હાઈસ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ઉચ્ચ કક્ષાનું બોર્ડનું પરિણામ લાવી સુરત મહાનગરપાલિકાનું નામ રોશન કરે તે રીતે શિક્ષણ અને સંસ્કાર પામે તેવી લાગણી વ્યકત કરી હતી.

TOP


## પ્રદુષિત પાણીના નિકાલની વૈકલ્પિક વ્યવસ્થા અંગે મીટીંગનું આયોજન

આદિ કાળથી વસેલ સુરત શહેરનો એક માત્ર મુખ્ય જળસ્ત્રોત તાપી નદી છે. તેના પાણી મારફત સુરત શહેરને પીવાનું પાણી પુરુ પાડવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી જુદા જુદા કારણોસર નદીના પાણીની ગુણવત્તામાં ફેરફાર જોવા મળેલ છે. આ માટે નદીમાં વિવિધ જગ્યાઓએથી ઠલવાતા ગંદા પાણી જવાબદાર છે. આને રોકવા/વૈકલ્પિક વ્યવસ્થા કરવા સંબધિત ખાતાઓ / સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે સંકલન મીટીંગનું આયોજન કમિશનરશ્રી પંકજ જોષી ની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.

મીટીંગમાં હાજર રહેલ અધિકારી/પ્રતિનિધિઓ સમક્ષ કમિશનરશ્રીએ ''રીવર મેનેજમેન્ટ સેલ'' ની રચના કરી દર માસે ''રીવર મેનેજમેન્ટ સેલ'' ના પ્રતિનિધિઓ સંયુકત રીતે નદીમાં આવતા ગંદા પાણીને અટકાવવા માટે વિવિધ કામગીરી કરી તેનું રીવ્યુ કરશે એમ નકકી કરવામાં આવ્યું.

TOP

## અંગ્રેજોનું કબ્રસ્તાન



અંગ્રેજોનું કબ્રસ્તાન સુરતની ઉત્તરે શહેરના "આલમપનાહ" ની બહાર કતારગામ દરવાજા બહાર સત્તરમી સદીના મધ્યભાગથી અસ્તિત્વમાં આવ્યું હતું. આ કબ્રસ્તાનમાં સર જયોર્જ ઓકસેન્ડન, ક્રિસ્ટોફર ઓક સેન્ડન, હેનગેરી, જીરાલ્ડ ઓઈન્જીર, ઈલીઝાબેથ વીચ, વિલિયમ ફોર્બસ, મેરી એલીસ, ફ્રાન્સીસ જેમ્સ, જેમ્સ હોપ, ફ્રાન્સીસ બેટન, જયોર્જ વાઈટ, એડવર્ડ ગેલી, વિલિયમ વિલ્કિન્સન વિગેરે મહાનુભાવોની કબર હતી. જેમાંની ઘણી કબરો આજે પણ અસ્તિત્વમાં છે. નાના મોટા મિનારાવાળી લગભગ ૧૪ જેટલી કબરો છે. ઉપરાંત ૮૦ જેટલી સાદી કબરો પણ છે. સુરતના અગત્યના ઐતિહાસિક સ્મારકોમાંનુ એક અંગ્રેજોનું કબ્રસ્તાન ગણાય છે, ઉપરાંત સ્થાપત્યની દ્રષ્ટિએ પણ મહત્વનું છે.

TOP